ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬



# વિદેશી ખંડણીખોરોના સંકજામાં પંજાબના કારોબારીઓ

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

આ ઓક્ટોબર મહિનાના મધ્ય ભાગમાં પંજાબના માણસા શહેરમાં નશાકારક ડ્રગ્સ વિરોધી ઝુંબેશ ચલાવી રહેલા પરમિન્દર સિંહ ઝોટાની, એક દવાની દૂકાન બહાર સરેઆમ હત્યા કરી નાખવામાં આવી. સ્થળ પરના લોકોએ ઘટનાને નજરોનજર જોઈ અને દુનિયાએ તેનું લાઈવ સ્ટ્રીમિંગ જોયું. પરમિન્દર ઝોટા વરસોથી નાર્કોટિક્સ ડ્રગ્સ વિરૂદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યા હતા. એમનું કહેવાનું રહેતુ કે દવા વેચવાની મોટા ભાગના મેડિકલ સ્ટોર્સના માલિકો-સંચાલકો નશાકારક દવાઓ વેચે છે. એમની આ રજૂઆતો સાચી હતી અને પોલીસે ઘણા મેડિકલ સ્ટોર્સ પર રેડ પાડીને નશાનો ખાનગી તેમ જ ધીકતો કારોબાર પકડ્યો હતો. માણસાની એક દવાની દૂકાનના વેપારીએ ઝોટા સામે ખૂન્નસ રાખીને ઝોટાની હત્યા કરી નાખી. નશાખોરી અને ભગવતસિંહ માનની નબળી આમ આદમી સરકારને કારણે ગુનેગારોમાં કોઈ ડર રહ્યો નથી. સજ્જન લોકોને માત્ર ડ્રગ્સનું દૂષણ જ નડતું નથી. આવા ચોપડે નોંધાયેલી ફરિયાદો કરતા વાસ્તવમાં ફોન કોલ્સની સંખ્યા અનેકગણી વધારે છે. ઘણી લોકો ખાનગીમાં રકમ ચૂકવીને પતાવટ કરે છે અને પછી કોઈને કહેતા નથી.

ગયા વરસના જુલાઈમાં, પંજાબના આવો હર શહેરમાં સંજય વર્મા નામના વેપારીની એમના શો રૂમની બહાર હત્યા કરી નખાઈ હતી. તે અગાઉ મોગા શહેરમાં એક ડોક્ટરની એમના નર્સિંગ હોમની બહાર હત્યા થઈ હતી. તે અગાઉ એમને ખંડણી માગતા, એક સટોર્શન ફોન કોલ્સ આવતા હતા તેનું પગેરું છેક કેનેડામાં મળ્યું હતું. એસક અન્ડરવર્લ્ડ ઓપરેટિવ દ્વારા એ નાજાય જ ઉઘરાણીઓ થતી હતી. પંજાબના નાનાં નાનાં શહેરોના સુખી કે સંપન્ન જણાતા લોકોને એ એક્સટોર્નિસ્ટો છોડતાં નથી. ગઈ સદીનાં અંતના વર્ષો એટલે કે 1995 બાદ મુંબઈમાં ખંડણીખોર માફિયાએ વેપારીઓ, ઉદ્યોગપતિઓ, બીલ્ડરો, તબીબો વગેરેની જે હાલત કરી હતી તેવી આજે પંજાબના પૌસેટકે સુખી લોકોની થઈ છે. મુંબઈમાં દુષણની પછવાડે રૂમઝૂમ કરતું આવતું ખંડણીનું દૂષણ વળી એથીય વિકરાળ બન્યું છે. આજે પંજાબના કોઈ પણ શહેરની માર્કેટમાં જાઓ અને થોડા ઊંડા ઊતરીને પૂછપરછ કરો તો સમજાય કે વેપારીઓને ઈન્મક ટેક્સ, જીએસટીનો કોઈ ભય સતાવતો નથી. સૌથી મોટો ડર તેઓને ખંડણીખોર લોકોના ફોન કોલનો લાગે છે. વળી એ ફોન વિદેશોના નંબરો પરથી આવે છે. તેઓ લાખો રૂપિયાની ખંડણી માગે છે અને વેપારી નહીં ચૂકવે તો અગાઉ ઘણા વેપારીઓની હાલત થઈ એવી હાલતની રાહ જોવાની ધમકી આપે છે!

છેલ્લા બે વરસમાં પંજાબ પોલીસને આવા ખંડણીના ફોન મળ્યાની 500થી વધુ ફરિયાદો મળી છે, પરંતુ લોકો અને વેપારીઓ ડરના માર્યા પોલીસ ફરિયાદ કરવા જતા નથી. પોલીસના એ વર્ષોમાં નવી કાર ખરીદો, થોડા ભપકાદાર લગ્ન યોજો કે મોંઘો ફ્લેટ ખરીદો તો ખંડણીનો ફોન અચૂક આવી જતો હતો.

પંજાબમાં સ્થિતિ રોજરોજ વણસી રહી છે. ગઈ ત્રીજી ઓક્ટોબરના રોજ જ ૨૯ વર્ષના મધુ સુદન સિંહ સંધુ નામના એલજીબીટીક્યુ પ્લસની કેટેગરીમાં આવતા, સોશિયલ મિડિયા ઈન્ફ્લુઅન્સર, જે મેડ સંધુ તરીકે વધુ જાણીતો હતો એની હત્યા થઈ ગઈ. જે સોપારીખોર જોડે છોકરાને મેડ સંધુ પર ગોળી છોડવાની કામગીરી સોંપાઈ હતી એને ફક્ત અગિયાર હજાર ચૂકવવાના હતા અને ચૂકવાયા. ત્યાર પછીના દસ દિવસ બાદ પરમિન્દર સિંહ ઝોટાની હત્યા થઈ. ડ્રગ્સના અબજો રૂપિયાના કારોબાર સામે લડવામાં ઝોટાએ જે વિરતા દર્શાવી હતી તે અસાધારણ હતી. માથે

**છેલ્લા બે વરસમાં પંજાબ પોલીસને આવા ખંડણીના ફોન મળ્યાની 500થી વધુ ફરિયાદો મળી છે, પરંતુ લોકો અને વેપારીઓ ડરના માર્યા પોલીસ ફરિયાદ કરવા જતા નથી**

કફન બાંધીને એણે અભિયાન ચલાવ્યું. ખૂનીઓ અને શસ્ત્રોથી ભરેલા પંજાબમાં આ હિંમતને જેટલી દાદ આપીએ એટલી ઓછી છે. દેશના ગૃહમંત્રી અમિત શાહે ગઈ વીસ ઑક્ટોબરના રોજ પંજાબના માણસા જઈ ઝોટાના પરિવારની મુલાકાત લીધી. ઝોટાના પિતા ભીમસિંહે મળી આશ્વાસન આપ્યું અને ગૃહ મંત્રીએ પ્રતિજ્ઞા જાહેર કરી કે 2029 સુધીમાં પંજાબમાંથી ડ્રગ્સના દૂષણનો સદંતર નાશ કરશે. આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરવાની પંજાબ સરકારને ફરજ પડી છે, કારણ કે સામાન્ય જનતામાં પ્રચંડ આક્રોશ અને વિરોધ પેદા થયો છે. ઝોટાના પિતા ભીમસિંહ કહે છે કે રાજ્ય સરકાર તરફથી ઝોટાને ક્યારેય સુરક્ષા પૂરી પડાઈ ન હતી. હવે માનની પોલીસ કહે છે કે વ્યક્તિગત દુશ્મનાની માનની હત્યા થઈ છે, પણ આ નર્યું જુઠાણું પંજાબ પોલીસે પોતાની ચામડી બચાવવા કાજે ઘડી કાઢ્યું છે. જે જણ જાનઓના કલ્યાણ માટે જીવની પરવા કર્યા વગર, નિસ્વાર્થ ભાવે ડ્રગ્સ માફિયા સામે લડત ચલાવતો હોય અને કોઈની સામે વ્યક્તિગત દુશ્મન હોય એ વાત માનવામાં આવતી નથી. ભીમસિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને વિનંતિ કરી છે કે એમના પુત્રો અને પુત્રીઓનું યોગ્ય રક્ષણ કરવામાં આવે. ઝોટાના હત્યા રાજસ્થાનમાંથી પકડી પાડ્યો છે. એને મેડિકલ શોપ હતી તે કઈ દુર્લભ યોગાનુયોગ ન હોઈ શકે.

છેલ્લાં ચાર-પાંચ વરસથી પંજાબના ગુનેગારો એમ માનતા થઈ ગયા છે કે સરકારી વ્યવસ્થા, સરકારી પોલીસ તેઓનું કશું બગાડી શકી તેમ નથી. દેશની અદાલતોમાં ગુનેગારોને સજા કરવાની સરેરાશ 53.3 (ત્રેપન પોઈન્ટ ત્રણ ટકા) 2024માં રહી હતી. જ્યારે પંજાબના આ ટકાવારી 34.7 ટકાની રહી હતી. જેમની ક્રિમિનલ ટ્રાયલ પૂરી થઈ ગઈ હોય અને સજા કરવામાં આવી હોય તે કેસોની આ ટકાવારી છે. મતલબ કે દેશની સરેરાશ કરતા વધુ ગુનેગારોને પંજાબની અદાલતો નિર્દોષ છોડી મુકતી હતી. કોઈક રીતે અહીં પોલીસ નબળી કડી પુરવાર થાય છે, અને, અથવા તો ન્યાયતંત્રમાં પણ ભ્રષ્ટાચાર છે. દેશની અને પંજાબની સરેરાશ-માં આ જે લગભગ સાડા અઢાર પોઈન્ટનો તફાવત તે છેલ્લાં નવ વરસના આંકડાઓમાં સૌથી વધુ છે. 2024ના અંતે કુલ કેસના 87 ટકા કેસ, જે એક લાખ 29 હજાર જેટલા હતા તે પેન્ડિંગ જ રહ્યા હતા. આખા વરસમાં માત્ર તેર ટકાનો જ નિકાલ થયો હતો. વરસ 2022ના મે મહિનામાં સિધુ મુસેવાલાનું ખૂન થયું હતું તે કેસ ગયા એપ્રિલ સુધીમાં હજી પ્રાથમિક સુનાવણીના તબક્કામાં હતો. એનસીઆરબીના આંકડા બતાવે છે કે વરસ 2023માં ડ્રગ્સના ઓવરડોઝને કારણે 89 જણાનાં મરણ નીપજ્યાં હતાં. ભારતના બીજા કોઈ રાજ્યમાં આટલાં મરણ નોંધાયા નથી. જનસંખ્યાની રીતે ડ્રગ્સ ટ્રાફિકિંગના સૌથી વધુ કેસો પંજાબમાં નોંધાય છે. એક લાખની વસતિ દીઠ 25થી વધુ કેસ નોંધાયા છે. પાકિસ્તાન સાથેની સરહદેથી અવિરત પુરવઠો ચાલુ રહે છે. પંજાબ અને પાકિસ્તાન વચ્ચે 553 કિલોમિટર લાંબી સરહદ છે જે મુખ્યત્વે સપાટ અને મેદાની વિસ્તારોમાં છે. 2025માં ભારતની બોર્ડર સિક્યોરિટી ફોર્સે સરહદ પરથી 227 ડ્રોન્સ અને 367 કિલોગ્રામ હેરોઈન પકડી પાડ્યું હતું, પરંતુ તેનાથી વધુ સંખ્યામાં ડ્રોન્સ અને હેરોઈન ગંતવ્ય સુધી પહોંચાડવામાં સફળ રહે છે. એ ઉપરાંત આ ચાલુ વરસના પ્રથમ છ મહિનામાં પંજાબ પોલીસે ઓગણીસ મોટા રેડ

પાડીને બાજુ જ 467 કિલોગ્રામ હેરોઈન પકડી પાડ્યું છે. એ રીતે માનની પોલીસ સાવ નિષ્ક્રિય છે તેમ પણ ન કહી શકાય. સરકારે 'નશા વિરુદ્ધ યુદ્ધ' કાર્યક્રમ હેઠળ લગભગ દોઢ વરસમાં 73 હજાર ડ્રગ પેડલરોની ધરપકડ કરી છે. ગેંગસ્ટર વિરોધી ધારા હેઠળ પાંત્રીસ હજાર ધરપકડ થઈ છે. પરંતુ જાણકારો કહે છે કે આ બધી પ્રવૃત્તિ રોગનાં લક્ષણો સામે લડવા સમાન છે, ખરી જરૂરિયાત રોગનાં મૂળ તપાસવાની છે.

# "રાહુલ ગાંધી ઘૂસપેઠિયાઓનો બચાવ કરી રહ્યા છે અને તેને રક્ષણ પૂરું પાડી રહ્યા છે"

**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

જ્ઞાનેશ કુમારનાં કારનામાંઓ સામે દેશમાં પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે ત્યારે કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે ઉપર ટાંક્યા એ બે વક્તવ્યો આપ્યાં હતાં.

તો બે વાત અમિત શાહે કહી છે તેની વાત કરીએ. જ્ઞાનેશ કુમારે અને IT સેલનાં સીમા ખન્નાએ મળીને સાડા તેર કરોડ લોકોનાં નામ મતદાર યાદીમાંથી હટાવી દીધાં છે જે અમિત શાહના કહેવા મુજબ ઘૂસપેઠિયા છે. કેટલા? સાડા તેર કરોડ. SIR (સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રીવિઝન) ની પ્રક્રિયા દેશનાં ૨૦ રાજ્યોમાં પૂરી થઈ ગઈ છે, ૧૬ રાજ્યોમાં ચાલી રહી છે અને ત્રણ રાજ્યોમાં હજુ હાથ ધરવાની બાકી છે. ચૂંટણી પંચના દાવા મુજબ અત્યાર સુધીમાં ૯૫ કરોડ ૪૦ લાખ મતદાતાઓની ચકાસણી પૂરી થઈ ચુકી છે જેમાંથી ૧૩ કરોડ ૩૯ લાખ મતદાતાઓનાં નામ રદ કરવામાં આવ્યાં છે. ટકાવારી કાઢીએ તો ૧૪% ટકા થયા. ૧૪% મતદાતાઓ અનધિકૃત છે અને એમાંથી મોટાભાગના ઘુસપેઠિયા છે. હજુ છ કરોડ મતદાતાઓની ચકાસણી બાકી છે અને તેમાં મુસલમાન અને ખ્રિસ્તીઓની બહોળી વસ્તી ધરાવતા સરહદી પ્રાંતોનો સમાવેશ થાય છે એટલે ત્યાં હટાવવાનું પ્રમાણ વધારે હોવાનું એટલે સહેજે એમ કહી શકાય કે દેશના એક અબજ મતદાતાઓમાં ૧૫ ટકા મતદાતા ઘુસપેઠિયા છે.

અને હા, અહીં એક બાબત તરફ તમારું ધ્યાન દોરવું જરૂરી છે. એક અબજ મતદાતાઓમાંથી ૧૫ ટકા અર્થાત ૧૫ કરોડ લોકો પુખ્તવયના છે. ચૂંટણીપંચે માત્ર મતદાન કરવાની વયના લોકોની ચકાસણી કરી છે, સગીર વયના લોકોની નથી કરી. એ પુખ્તવયના લોકોમાંથી ઘણાને બાળકો પણ હશે. જો સગીર વયના સંતાનોની સંખ્યા જોડો તો આ દેશમાં અંદાજે ૨૫થી ૩૦ કરોડ ઘુસપેઠિયા છે. અંદાજે પચીસ ટકા અથવા દર ચોથો માણસ! આ ધરતી પર એવો કોઈ દેશ છે જ્યાં તેની વસ્તીનો દર ચોથો કે પાંચમો માણસ ઘુસપેઠિયો હોય? વિદેશી હોય એ તો સમજી શકાય, ઘુસપેઠિયો?

બાર વરસથી કેન્દ્રમાં ભાજપની સરકાર પોતે જ શાસન કરી રહી છે અને શાસન પણ દાવા મુજબ નો નોનસેન્સ લોખંડી છે તો એ પછી પણ ઘુસપેઠિયાઓનું આટલું મોટું પ્રમાણ? ભાજપનાં ટેકેદારો કહેશે કે ૧૨ વરસ કોઈ મોટો સમયગાળો ન કહેવાય તો ચાલો આપણે ગુજરાતનાં આંકડા તપાસીએ, જ્યાં કુલ મળીને ત્રણ દાયકાથી ભાજપનું રાજ છે. આ રાજ્યમાં ઘુસપેઠિયાનું પ્રમાણ ૧૩.૪૦ ટકા છે. આવું જ ભાજપ શાસિત બીજાં રાજ્યોનું છે. આટલો લાંબો સમય અને એ પણ લોખંડી સંકલ્પ સાથે કેન્દ્રમાં અને રાજ્યોમાં રાજ કર્યા પછી પણ ઘુસપેઠિયાઓનું આટલું મોટું પ્રમાણ હોય અને તેને હટાવી ન શકતા હોય તો એનો અર્થ એ થયો કે કાં શાસકો નબળા છે અથવા જેનાં નામ હટાવવામાં આવ્યાં છે એ ઘુસપેઠિયા નથી, શાસકોના વિરોધી છે.

બીજું આ ખુલાસો સરકારે કરવો જોઈએ કે જ્ઞાનેશ કુમારે? આ કામ કોનું છે? શા માટે જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચના બચાવમાં ભાજપ આવે છે? શું તમે લાભાર્થી છો? શું ગુનેગાર પકડાઈ ગયો અને ગુનેગાર લાભાર્થીના લાભ માટે કામ કરતો હતો એવું સાબિત નથી થઈ રહ્યું? જ્ઞાનેશ કુમાર તો ૨૩મી સપ્ટેમ્બરે 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં સ્ટોરી છપાઈ ત્યારથી ઘરની બહાર નથી નીકળ્યા. ઘરમાં છે કે નહીં એ પણ ખબર નથી. કોઈને મોઢું જ બતાવ્યું નથી.

ત્રીજું, શું સરકાર દેશને ખાતરી આપશે કે અંદાજીત ૧૫ કરોડ (પરિવારના સગીર વયના સંતાનો જોડો તો ૨૫થી ૩૦ કરોડ) ઘુસપેઠિયાઓનો દેશનિકાલ કરવામાં આવશે? જે રાજ્યોમાં છ મહિના પહેલાં SIRની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે અને ત્યાં લાખોની સંખ્યામાં ઘુસપેઠિયા મળ્યા છે તેમાંથી કેટલાને અત્યાર સુધીમાં દેશબહાર કર્યા? જેમ કે પશ્ચિમ બંગાળમાં ૯૧ લાખ મતદાતાઓને છ મહિના પહેલાં મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે, પણ તેમાંથી એક પણ માણસને દેશની બહાર ખદેડવામાં આવ્યો નથી. આ કસરત ચૂંટણી જીતવા માટે અને રાજ કરવા માટે કરવામાં આવે છે કે દેશની સુરક્ષા ખાતર? જો દેશની સુરક્ષા ખાતર કરવામાં આવતી હોય તો ૨૫ કરોડ લોકોને દેશમાંથી રવાના કરી બતાવે. અરે એક કરોડને દેશનિકાલ કરી બતાવે તો પણ હું સલામ કરવા તૈયાર છું.

અને ચોથી વાત જે અત્યંત મનોરંજક છે. કયા એવા પાડોશી દેશ છે જ્યાંથી ભારતમાં લોકો આવે છે? કોઈ શ્રીલંકન ભારત આવતો નથી, કારણ કે તે આપણા કરતાં વધારે સુખી છે. તિબેટ માર્ગે કોઈ તિબ્બતી કે ચીની આવતો નથી કારણ કે એ પણ આપણા કરતા સુખી છે. કોઈ બર્મી ભારત આવતો નથી, કારણ કે પશ્ચિમે ભારત જવા કરતાં પૂર્વ એશિયાના અને અગ્નિ એશિયાના દેશોમાં તેને વધારે સંસ્કૃતિક નજદીકી અને સુખાકારી મળે છે, એટલે તે ત્યાં જવાનું પસંદ કરશે. પાકિસ્તાની માટે સરહદ ઓળંગવી જોખમી છે, એટલે વળી કોઈ ત્રાસવાદી જોખમ ઉઠાવીને આવી શકે, પણ સામાન્ય માણસ જાનનું જોખમ ઉઠાવીને ભારતમાં ન આવે. તો ભારત આવવા માટે કોની પાસે કારણ છે? જવાબ છે, બંગલાદેશ અને નેપાળ. આમાંથી નેપાળીઓ વગર વિઝાએ અને વગર રોકટોકે કાનૂની માર્ગે ભારત આવી શકે છે તો રહ્યું બંગલાદેશ.

હવે બંગલાદેશની હકીકત જુઓ: બંગલાદેશની કુલ વસ્તી ૧૭ કરોડ ૭૮ લાખ છે. આમાંથી પુખ્ત વયના નાગરીકોની વસ્તી ૧૨ કરોડ ૮૭ લાખ છે. તો શું બંગલાદેશમાં કોઈ પુખ્ત વયનો માણસ બચ્યો જ નથી, બધા ભારતમાં આવીને વસ્યા છે? ચાલો આપણે તેમાં પાકિસ્તાનને પણ જોડી દઈએ. પાકિસ્તાનની કુલ વસ્તી ૨૬ કરોડ છે. પુખ્ત વયના નાગરીકોની સંખ્યા ૧૩ કરોડ ૬૮ લાખ છે. તો શું બંગલાદેશ અને પાકિસ્તાનના ૬૦ ટકા પુખ્તવયના લોકો ભારતમાં વસે છે? ઘડીભર માની લઈએ કે ભારતમાં વસતા બંગલાદેશીઓ અને પાકિસ્તાનીઓએ પોતાના દેશમાં નાગરિકત્વ નોંધાવ્યું જ નથી તો શું એ બે દેશોની કુલ વસ્તી ૬૦ કરોડ જેટલી છે? કોઈ રીતે તાળો મળી શકે એમ નથી અને માટે જ્ઞાનેશ કુમાર ઘરની બહાર નીકળતો નથી. ચોરી સિવાય આનો કોઈ જવાબ જ નથી.

સરકારે બોલવું એટલા માટે પડ્યું કે જ્ઞાનેશ કુમારના પાપનો ભાજપ લાભાર્થી છે અને એ હવે સાબિત થઈ ગયું છે. સર્વોચ્ચ અદાલત અત્યાર સુધી જ્ઞાનેશ કુમારને ગુનો કરવા દેતી હતી અને લાભાર્થીને તેનો લાભ લેવા દેતી હતી.



**આ ધરતી પર એવો કોઈ દેશ છે જ્યાં તેની વસ્તીનો દર ચોથો કે પાંચમો માણસ ઘુસપેઠિયો હોય? વિદેશી હોય એ તો સમજી શકાય!**

જો જ્ઞાનેશ કુમારનું પાપ પ્રગટ થાય તો સર્વોચ્ચ અદાલતનું પણ પાપ પ્રગટ થાય અને થઈ ગયું છે. અહીં મેં આંકડાની જે વાસ્તવિકતા બતાવી એ સર્વોચ્ચ અદાલતના જજો પણ જાણે છે. તેમને ખબર છે કે ક્યારેય કોઈ દેશમાં ૧૫ ટકા ઘુસપેઠિયા ન હોય, આ તો ભાજપના વિરોધી મતદાતાઓને હટાવવામાં આવી રહ્યા છે. સર્વોચ્ચ અદાલત અત્યારે ભીંસમાં છે. કાં ન્યાયતંત્રની, વિશેષ કરીને સર્વોચ્ચ અદાલતની આબરૂ બચાવે અને કાં કપડાં ફગાવીને નિર્વસ્ત્ર થઈ જાય. કયો માર્ગ અપનાવશે એ થોડા દિવસમાં સ્પષ્ટ થઈ જશે.

ભાજપે બીજું નિવેદન પ્રચંડ બહુમતી સાથે ૨૦૨૯ની સામાન્ય ચૂંટણી જીતવા વિષે કર્યું છે. જો આટલી ખાતરી છે તો પછી આટલો ડર શેનો છે? શા માટે જ્ઞાનેશ કુમાર જેવા એક નીચ અધિકારીનો બચાવ કરો છો? હકીકત તો એ છે કે જો ચૂંટણી સંપૂર્ણપણે મુક્ત અને ન્યાયી હોય તો ભાજપ કોઈ સંજોગોમાં જીતી શકે એમ નથી. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ ૨૦૦ કરતાં વધારે બેઠક ન મળી હોત. કેટલાંક રાજ્યોમાં વિજય ન થયો હોત. હા, જ્ઞાનેશ કુમાર છૂટા આખલાની જેમ ચૂંટણી યોજી શકશે તો બીજેપીનો વિજય નિશ્ચિત છે. અને છેલ્લે, શા માટે જ્ઞાનેશ કુમારને નિવૃત્તિ પછી કાયદાકીય રક્ષણ આપવામાં આવ્યું છે? નિવૃત્તિ પછી ચૂંટણીપંચના કોઈ સભ્યો સામે અનુગામી સરકારો કાયદાકીય કારવાઈ નહીં કરી શકે એવો કાયદો ઘડીને ચૂંટણી પંચના સભ્યોને બખ્તર પહેરાવવામાં આવ્યું છે. બેટા હવે થઈ શકે એટલાં પાપ કર, કોઈ તારો વાળ પણ વાંકો નહીં કરી શકે. અમે છીએને!

ગયા સપ્તાહના મારા લેખમાં લખ્યું હતું એમ આ લોકોનું હિંદુ રાષ્ટ્ર સત્તાનિર્ભર છે, પ્રજાનિર્ભર નથી અને સત્તા શાશ્વત નથી. ગમે એટલી કિલ્લેબંધી કરો, સત્તા એક દિવસ જાય છે. પ્રજાકીય સ્વીકાર શાશ્વત છે જે જન્તર મન્તર અને દેશમાં અન્યત્ર જોવા મળ્યું છે. લોકો જાનનું જોખમ ઉઠાવીને પોતાની કલ્પનાના ભારતને બચાવવા રસ્તા પર ઉતરે છે.

## સિલી પોઈંટ

